RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 201 Date: 12.05.2024 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# આ વર્ષે ધોરણ ૧૦ નું પરિણામ ૮૨.૫૬ ટકા નોંધાયું છે.

# રાજ્યમાં ધોરણ-૧૦માં ૧૦૦ ટકા પરિણામ ધરાવતા બે કેન્દ્રો



અમદાવાદ,તા.૧૧

ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ ની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયું છે. આ વર્ષે ધોરણ ૧૦ નું પરિણામ ૮૨.૫૬ ટકા નોંધાયું છે. રાજ્યમાં ધોરણ-૧૦માં ૧૦૦ ટકા પરિણામ ધરાવતા બે કેન્દ્રો છે. જેમાં અમદાવાદ ગ્રામ્યનું દાલોદ કેન્દ્ર પર ૧૦૦ ટકા પરિણામ અને ભાવનગર જિલ્લાનું તલગાજરડા કેન્દ્ર ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર ભાવનગરનું તડ કેન્દ્ર બન્યું છે. તડ કેન્દ્ર પર ૪૧.૧૩ ટકા પરિણામ નોંધાયું છે. માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન બંછાનિધી પાનીનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, નવી શિક્ષણ નીતીના અમલીકરણ બાદ અત્યાર સુધીનું ધો.૧૦નું સૌથી શ્રેષ્ઠ પરિણામ છે. આ સાથે ઉમેર્યું કે, ત્રણ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પુરક પરિક્ષા આપી શકશે.

રાજ્યમાં ધો. ૧૦ ની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર બન્યો છે. વિગતો મુજબ ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૮૭.૨૨ ટકા નોંધાયું છે. આ સાથે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો પોરબંદર બન્યો છે. પોરબંદર જિલ્લાનું પરિણામ ૭૪.૫૭ ટકા આવ્યું છે. રાજ્યમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૩૮૯ તો ૩૦ ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ૨૬૪ હોવાનું સામે આવ્યું છે.રાજ્યમાં માધ્યમ પ્રમાણે પરિણામ પર નજર કરીએ તો સૌથી ઊંચું અંગ્રેજી માધ્યમનું ૯૨.૫૨ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ગુજરાતી માધ્યમનું ૮૧.૧૭ ટકા પરિણામ આવ્યું છે. હિન્દી અને મરાઠી માધ્યમમાં અનુક્રમે ૭૫.૯૦ અને ૭૭.૯૯ ટકા પરિણામ આવ્યું છે.

રાજ્યમાં વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૬.૬૯ ટકા નોંધાયું છે. વિદ્યાર્થીઓનુ પરિણામ ૭૯.૧૨ ટકા નોંધાયું છે. જેમાં એ ૧ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૨૩૨૪૭, એ ૨ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૭૮૮૯૩,બી ૧ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૧૧૮૭૧૦,બી ૨ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૧૪૩૮૯૪,સી ૧ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૧૩૪૪૩૨, ઝર ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૭૨૨૫૨ અને ડી ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ ૬૧૧૦ હોવાનુ સામે આવ્યું છે.

ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયા બાદ હવે માધ્યમિક શિક્ષણ બોર્ડ ચેરમેન બંછાનિધી પાનીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યુ કે, ૨૧૮૬૯ વિદ્યાર્થીઓને એક વિષયમાં સુધારો કરાયો અને ૩૨૯૭૧ વિદ્યાર્થીઓને બે વિષય માં સુધારો કરાયો છે. ૨૧૮૫૪ વિદ્યાર્થીઓને ત્રણ વિષયના પરિણામમાં સુધારો કરાયો છે. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૬.૬૯ ટકા અને વિદ્યાર્થીઓનુ પરિણામ ૭૯.૧૨ ટકા નોંધાયું છે. તેમણે ઉમેર્યું હતું કે, પરીક્ષા દરમિયાન ૪૦૦ કોપી કેસ નોંધાયા. સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં કેસ નોંધાયા. કુલ ૫૭૭૫૫૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

માધ્યમિક શિક્ષણ બોર્ડ ચેરમેન બંછાનિધી પાનીએ કહ્યુ કે, ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૧.૧૭ ટકા નોંધાયું છે અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૨.૫૨ ટકા પરિણામ છે. હિંદી માધ્યમનું પરિણામ ૭૫.૯૦ ટકા પરિણામ છે. આ સાથે નવી શિક્ષણ નીતીના અમલીકરણ બાદ અત્યારસુધીનું ધો.૧૦નું સૌથી શ્રેષ્ઠ પરિણામ છે. ૯૯ કરતા વધુ પર્સન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થાઓ ૬૬૮૬ છે. આ સાથે તેમણે ઉમેર્યુ કે, ત્રણ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પુરક પરિક્ષા આપી શકશે. પરિણામ આવતાની સાથે જ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો છે. વિદ્યાર્થીઓને સારુ પરિણામ આવતા ગરબે ઘૂમ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓની આંખમાં હરખના આસું છલકાઈ આવ્યા છે.સવારથી જ પરિણામને લઈને વાલીઓમાં ઉત્સાહ જોવા મળ્યા હતો. પરિણામ જાહેર થતા અને પરિણામ સારૂ આવતા વાલીઓ ખુશ થઈ ગયા હતાં અને પોતાના દીકરા દીકરીઓને અભિનંદન આપતા નજરે પડયાં હતાં અને એક બીજાને મોં મીઠુ કરાવ્યું હતું.

૨૦૨૩ની તુલનાએ આ વર્ષે ૧૭.૯૪ ટકા વધુ પરિણામ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષા ૧૧ માર્ચથી ૨૨ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી, આ વર્ષે ગુજરાતમાં ૧૪ લાખ વિદ્યાર્થીઓએ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષા ૧૧ માર્ચથી ૨૨ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. આ વખતે માર્ચમાં લેવાયેલી ગુજરાત બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૦ના ૯,૧૭,૬૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## પીઓકેમાં પાકિસ્તાન સામે પ્રદર્શન,પીઓકેના લોકો ભારતના ઝંડા સાથે વિરોધ કરી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧૧

પાકિસ્તાન વધતી મોંઘવારીનો સામનો કરી રહ્યું છે, જેની અસર હવે તેમના રસ્તાઓ પર પણ જોવા મળી રહી છે. પીઓકેમાં વધતી મોંઘવારીને કારણે લોકોનો ગુસ્સો સરકાર સામે ફાટી નીકળ્યો છે. વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, પોલીસ સાથે ઘર્ષણ અને પથ્થરમારાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. જો કે, મોટી વાત એ છે કે પીઓકેમાં થઈ રહેલા આ પ્રદર્શનોમાં ભારતીય તિરંગો પણ દેખાઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે, જોઈન્ટ અવામી એક્શન કમિટીએ ૧૧મી મેના રોજ એટલે કે શનિવારે પીઓકેમાં મોંઘવારી વિરુદ્ધ પીઓકેની એસેમ્બલી બહાર વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું.

જે બાદ પીઓકેમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. જેથી લોકો ઘરની બહાર ન નીકળે. જેના કારણે શુક્રવારે જ સ્થાનિક લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો અને રાજધાની મુઝફ્ફરાબાદ, મીરપુર અને દડિયાલ જેવા વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ભીડના હાથમાં પીઓકે અને ભારતીય રાષ્ટ્રધ્વજ જોવા મળ્યા હતા.

પીઓકેમાં વધતી મોંઘવારીથી લોકો ગુસ્સામાં છે અને મોંઘવારી વિરુદ્ધ પીઓકેમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. પેટ્રોલ, ડીઝલ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવ આસમાને છે. ખાદ્યપદાર્થો પણ ચીનથી આયાત કરવામાં આવે છે. જેના કારણે સમિતિએ રાજ્યમાં દેખાવો કરવાની જાહેરાત કરી હતી.

પાકિસ્તાન દ્વારા લાદવામાં આવેલા કર અને વધતી કિંમતોને લઈને શનિવાર (મે ૧૧) માટે વિરોધનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ વધારાના દળોની તૈનાતી અને ૭૦ કાર્યકરોની ધરપકડથી લોકો ગુસ્સે થયા અને તેઓ શુક્રવારે જ રસ્તા પર ઉતરી આવ્યા. પ્રદર્શનકારીઓએ કથિત રીતે સુરક્ષાકર્મીઓ પર પથ્થરમારો કર્યો અને તેમની સાથે ઘર્ષણ કર્યું હતું.

પાકિસ્તાની મીડિયા અનુસાર, જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી દ્વારા જાહેર કરાયેલ 'લોંગ માર્ચ'ને રોકવા માટે પોલીસે સિત્તેર કાર્યકરોની અટકાયત કરી છે. મીડિયા અહેવાલો અનુસાર, પોલીસે વિરોધ કરી રહેલા ભીડને વિખેરવા માટે ટીયર ગેસના શેલ પણ છોડ્યા હતા, જેમાંથી કેટલાક નજીકની શાળામાં પડ્યા હતા અને ઘણી છોકરીઓ ઘાયલ થઈ હતી.

એક ખાનગી ન્યુઝ ચેનલના રિપોર્ટ અનુસાર, હાલમાં પંજાબ પ્રાંતના ફ્રન્ટ કોર્પ્સ, રેન્જર્સ અને ક્વિક રિસ્પોન્સ ફોર્સના સૈનિકો વિસ્તારની સડકો પર છે. ગુરુવારે વહેલી સવારે, મુઝફ્ફરાબાદમાં પોલીસે વેપારી નેતા શૌકત નવાઝ મીરના ઘર તેમજ એક્શન કમિટીના અન્ય કેટલાક લોકોના ઘરો પર દરોડા પાડ્યા હતા.

## વીજળી પડવાથી એક જ પરિવારના ત્રણ લોકોના મોત નિપજયાં

બુંદી,તા.૧૧

હિંડોલીના ડબલાના પોલીસ સ્ટેશન વિસ્તારના ધાભૈસના નયાગાંવમાં ગઈકાલે રાત્રે ઘરમાં સૂઈ રહેલા એક જ પરિવારના પુરુષ અને સ્ત્રી સાથે ૪ વર્ષની માસૂમ બાળકીનું ઘરની છત પર વીજળી પડતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. . જ્યારે અન્ય એક મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી.માહિતી મળતાં જ નયાબ તહસીલદાર ભૂપેન્દ્ર સિંહ હાડા ઘટનાસ્થળે પહોંચ્યા અને પ્રાથમિક સારવાર બાદ ગંભીર રીતે ઘાયલ મહિલાને બુંદી હોસ્પિટલમાં મોકલી આપી. ડબલાણા પોલીસ સ્ટેશનના એએસઆઈ કમલેશ ગુર્જરે જણાવ્યું હતું કે ખરાબ હવામાનના કારણે તમામ સભ્યો ઘરની અંદર સૂઈ રહ્યા હતા, ત્યારે અચાનક વીજળી પડતા ઘરની છત તૂટી ગઈ હતી અને સ્લેબ નીચે દટાઈ જવાને કારણે માતા કરમાબાઈ, પુત્રી દિવ્યા અને પુત્રના મોત થયા હતા. -સસરા બાબુલાલનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પરિવારના અન્ય સભ્યો ધાબા પર ટીન શીટ નીચે સૂતા હતા અને ઘાયલ થયા હતા. આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ હીરાબાઈને બુંદી હોસ્પિટલમાં રિફર કરવામાં આવી છે.

## આસામની જેલમાં બંધ કટ્ટરપંથી અમૃતપાલ પાસે માત્ર રૂ. ૧,૦૦૦

ડિબ્રુગઢ,તા.૧૧

રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ આસામની ડિબ્રુગઢ જેલમાં બંધ કટ્ટરપંથી શીખ અમૃતપાલ સિંહના ચૂંટણી એફિડેવિટ મુજબ, તેમની પાસે માત્ર ૧,૦૦૦ રૂપિયાની સંપત્તિ છે. અમૃતપાલે ખડુર સાહિબથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આ અંગે એફિડેવિટ દાખલ કરવામાં આવી છે. 'વારિસ પંજાબ દે' સંસ્થાના વડા ૩૧ વર્ષીય સિંહે પંજાબની ખડુર સાહિબ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યોછે. સિંહનું નામાંકન પત્ર શુક્રવારે તરનતારન જિલ્લામાં તેમના કાકા દ્વારા દાખલ કરવામાં આવ્યું હતું. સિંહે ગુરુવારે આસામની ડિબ્રુગઢ જેલમાં પોતાનુ ઉમેદવારી પત્ર ભર્યું હતું.ચૂંટણી એફિડેવિટ અનુસાર, સિંહ પાસે અમૃતસરમાં એસબીઆઈ શાખા, રૈયા, બાબા બકાલા ખાતે ૧,૦૦૦ રૂપિયાનું બેંક બેલેન્સ છે. સોગંદનામા મુજબ, આ સિવાય સિંહની પાસે કોઈ જંગમ કે અચલ સંપત્તિ નથી.

અમૃતપાલની પત્ની કિરણદીપ કૌર પાસે ૧૮.૩૭ લાખ રૂપિયાની જંગમ સંપત્તિ છે. આમાં રૂ. ૨૦,૦૦૦ રોકડ, રૂ. રિવોલટ લિમિટેડ, લંડન, યુકેના ખાતામાં રૂ. ૧૪ લાખ અને ૪,૦૦૦ જીબીપી (પાઉન્ડ)ના સોનાના સિક્કા. ૪,૧૭,૪૪૦ સમકક્ષનો સમાવેશ થાય છે.

## પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણની પદ્ધતિ સરળ, સચોટ અને ઝડપી હોય એ જરૂરી : શ્રી આચાર્ય દેવવ્રતજી



અક્ષય તૃતિયા - અખાત્રીજના પાવન પર્વે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે દેશભરના પ્રાકૃતિક કૃષિ તજજ્ઞોની ચિંતન બેઠક-કાર્યશાળા યોજાઈ હતી. હરિયાણામાં કુરુક્ષેત્ર ખાતે આયોજિત કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ નિષ્ણાતોની આ બેઠકમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણ માટે સચોટ અને સરળ પદ્ધતિ વિકસાવવા તથા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના માનદંડ નિર્ધારણ કરવા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરાયો હતો.

હરિયાણાના કુરુક્ષેત્રમાં ૧૮૦ એકરના પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. કુરુક્ષેત્ર ખાતે આયોજિત આ બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય બજાર મળે, યોગ્ય ભાવ મળે અને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો ખરીદવા ઈચ્છતા ગ્રાહકોને ખાતરીબદ્ધ ઉત્પાદનો મળે એ હેતુથી યોગ્ય માનદંડ નક્કી થાય અને ચોક્કસ નીતિ ઘડતર થાય એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણ-સર્ટિફિકેશનની પદ્ધતિ સરળ, સચોટ અને ઝડપી હોય એ જરૂરી છે એમ પણ તેમણે કહ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ બેઠકમાં કૃષિ વિશેષજ્ઞો અને કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતાં કહ્યું હતું કે, સંશોધનોમાં આવ્યું છે કે, આપણે જે ઘઉં અને ચોખા ખાઈએ છીએ તેમાં જરૂરી પોષક તત્વો છે જ નહીં, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધારે પડતા ઉપયોગથી અનાજ, ફળ અને શાકભાજીના માધ્યમથી ધીમું ઝેર આપણા શરીરમાં પ્રવેશી થયું છે. પરિણામે આપણે ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છીએ. ગ્લોબલ વૉર્મિંગ માટે પણ રાસાયણિક ખેતી ૨૪% જવાબદાર છે. તો સામે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી જમીનની ગુણવત્તા અને કૃષિ ઉત્પાદનોની ગુણવત્તા સુધરે છે. સૌને સ્વાસ્થ્યપ્રદ અનાજ મળે છે. ખેડૂતો ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકે છે. એટલું જ નહીં, પ્રાકૃતિક ખેતીના પાક વધુ મજબૂત અને સક્ષમ હોવાથી કુદરતી આફતો વખતે ખેડૂતોને ઓછું નુકસાન વેઠવું પડે છે. આ તમામ બાબતો કૃષિ વૈજ્ઞાનિકોના સંશોધનો પછી સાબિત થઈ છે, પરિણામે વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે અને વધુને વધુ લોકો પ્રાકૃતિક ખેત ઉત્પાદનો ખરીદવા આગળ આવી રહ્યા છે. ત્યારે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણ માટે ચોક્કસ નીતિ નિર્ધારણ થાય તે વર્તમાન સમયની માંગ છે. આ દિશામાં વિચાર-વિમર્શ કરવા હજુ વધુ બેઠકો યોજાશે.

ભારતના નિષ્ણાત કૃષિ વૈજ્ઞાનિકો પદ્મશ્રી ડૉ. હરિઓમ, હિમાચલ પ્રદેશના પ્રો. રાજેશ્વર ચંદેલ, આંધ્રપ્રદેશના ડૉ. ડી.વી. રાયડુ, હરિયાણાના ડૉ. બલજીતસિંહ સહારન, ડૉ. રાજીન્દર ચૌધરી, પંજાબના શ્રી ઉમેન્દ્ર દત્ત, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. સી. કે. ટીંબડીયા, ગુજરાત ઑર્ગેનિક પ્રોડક્ટસ સર્ટિફિકેશન એજન્સી ગોપકાના પૂર્વ ક્વૉલિટી મેનેજર શ્રી રમણ ઓઝા, ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ઑર્ગેનિક એગ્રીકલ્ચર મુવમેન્ટના બોર્ડ મેમ્બર શમિકા મોને, પાર્ટીસીપેટરી ગેરન્ટી સિસ્ટમ ઑફ ઈન્ડિયાની ઑર્ગેનિક કાઉન્સિલના સેક્રેટરી શ્રી જોય ડેનિયલ, તેલંગાણાના શ્રી રવિન્દ્ર એ. શ્રીમતી ચંદ્રકલા પી. એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસડ ફૂડ પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી અપેડાના જનરલ મેનેજર ડૉ. સાસ્વતી બોઝ, એસોસીએશન ઓફ ઈન્ડિયન ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. પીવીએસએમ ગૌરી, ભારત સરકારના કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉ. યોગીતા રાણા, નાયબ સચિવ રચના કુમાર તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદૈ-ર્ષ્ઠટ્ઠનિા ઉચ્ચ અધિકારીઓએ આ બેઠકમાં ઉપસ્થિત રહીને પરિણામલક્ષી વિચાર-વિમર્શ કર્યો હતો.

## અખાત્રીજે ભૂમિપુત્રો નવા કૃષિ વર્ષના પ્રારંભે ઉજવણીમાં જોતરાયા, ભૂમિ, પશુઓ, ઓજારોનું પૂજન કર્યું

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ (અક્ષયતૃતીયા)નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોના ખેતી કામ માટેનું નવું વર્ષ અખાત્રીજના દિવસે અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોએ ભૂમિ પૂજન તથા પશુઓ અને ખેતીના ઓજારોની પૂજનવિધિ કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દીવો ધૂપ કરી કંસાર અને ખીચડીના પ્રસાદ ધરાવી વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ હર્ષોલ્લાસ સાથે કર્યો હતો. મેઢાસણ ગામે યુવા ખેડૂતોમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો અરવલ્લી જીલ્લામાં શુક્રવારે વહેલી સવારે અખાત્રીજ ના દિવસે પૂજનવિધિ પૂર્ણ કરી જગતનો તાત નવા કૃષિ વર્ષની ઉજવણીમાં જોતરાયો હતો જેમાં જીલ્લાના ખેડૂતપુત્રોએ પરિવારના સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી પશુઓ અને બળદોના શીંગડાને રંગરોગાન કરી નવા પોશાકો ધારણ કરી સાગમટે ગ્રામ અને શહેરી વિસ્તારના ભૂમિપુત્રોએ હળ જોડી દઈ ખેતર ખેડી ખાતમુહર્ત કર્યું હતું દર વર્ષની જેમ આ વર્ષે પણ અખાત્રીજે વહેલી સવારે સૌ ભૂમિપુત્રો એકસાથે એકજ જગ્યાએ એક ખેતરમાં ભેગા મળી હળ જોડી ખેતરમાં પહોંચી હળ જોતરી ખેતી નું મુહર્ત કર્યું હતું ભૂમિપુત્રોએ બળદગાડા અને શણગારી બળદો નું મોં મીઠું કરાવી વીતેલા વર્ષનું દુઃખસુખ જતું કરી નવા વર્ષનો ઉમંગ ભેર પ્રારંભ કર્યો હતો અને વર્ષ દરમિયાન કયા પ્રકારની વાવણી કરવી તેનું આગોતરું આયોજન કર્યું હતું તેમજ ગત વર્ષના ખેતીમાં થયેલા નફા-નુકશાન અંગે સરવૈયું કાઢવાની સાથે ખેતી માટે રાખેલ ખેત મજૂરો અને ભાગિયાઓના હિસાબો સમેટી લઈ નવા વર્ષનું કામકાજ સોંપવામાં આવ્યું હતું ખેતમજૂરી કરતા ખેતમજૂરો પણ અખાત્રીજના દિવસે પોતાની સૂઝ-બુઝ વાપરીને ખેતર માલિકો સાથે રાજીખુશી થી છુટા થઈ પોતાના મનપસંદ લાગતા ભૂમિપુત્રો સાથે અખાત્રીજ થી અખાત્રીજ સુધી મજૂરીનો કરાર કરતા હોય છે

## *આજનો વિચાર*

જુઓ આ છે આપણુ ચિત્ર વહાલા..
કશું લીધા વગર આવવાનું,
બધું જ લૂંટી લેવા માટે મુઠ્ઠી વાળીને દોડવાનું
અને છેલ્લે ખાલી હાથે ઉપડવાનું...
- MANNISH *( MINTOO )*

### તંત્રી લેખ......

# રશિયાએ હુમલા તેજ કર્યા

રશિયન સેનાએ યુક્રેનના ખાર્કિવમાં જમીન પર હુમલો કર્યો હતો. હુમલાને જોતા યુક્રેને સરહદી વિસ્તારમાં વધારાના સૈનિકો મોકલ્યા હતા. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે રશિયાએ હવાઈ બોમ્બ અને આર્ટિલરી વડે સરહદી વિસ્તારોમાં હુમલો કર્યો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું કે રશિયાએ આ દિશામાં બદલો લેવાની નવી લહેર શરૂ કરી છે. આ હુમલા બાદ અમેરિકાએ તરત જ યુક્રેનનો સંપર્ક કર્યો.

તમને જણાવી દઈએ કે યુક્રેનને આ વિસ્તારમાં રશિયા દ્વારા હુમલાની ચેતવણી મળી હતી. આ રશિયા તરફથી યુક્રેન પર હુમલાનો સંકેત હોવાનું કહેવાય છે. જોકે, એ સ્પષ્ટ નથી થયું કે આ હુમલો રશિયા તરફથી થશે કે નહીં. યુક્રેનના જનરલ સ્ટાફે પ્રથમ વખત જણાવ્યું હતું કે રશિયા સુમી અને ચેર્નિહિવના યુક્રેનિયન વિસ્તારો નજીક ખાર્કિવની ઉત્તરે તેની સેના વધારી રહ્યું છે.

ઝેલેન્સકીએ કહ્યું કે રશિયા આ વસંત અથવા ઉનાળામાં મોટા હુમલાની તૈયારી કરી રહ્યું છે.

# ગવર્નમેન્ટ એમ્પ્લોઇઝ કો - ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. ગુજરાત રાજ્યની સ્ટેટ કેપિટલ બ્રાન્ચનો શુભારંભ થયો

આજે ગાંધીનગર ખાતે વ્હાઈટ હાઉસ કોમર્શિયલ બિલ્ડિંગમાં ગવર્નમેન્ટ એમ્પ્લોઇઝ કો - ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી.ગુજરાત રાજ્ય ની સ્ટેટ કેપિટલ બ્રાન્ચનો શુભારંભ પૂજ્ય વકીલ સાહેબની છબીને માલ્યાર્પણ કરીને કરવામાં આવ્યો.



અક્ષય તૃતીયાના શુભ મુહૂર્તમાં કાર્યાલય શુભારંભ ઉત્તર ગુજરાત કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લી. તેમજ પાટણ જિલ્લા સહકારી સંઘ ડિરેક્ટર, ગવર્નમેન્ટ એમ્પ્લોઈઝ કો - ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિ. ગુજરાત રાજ્ય પ્રમુખશ્રી હરિભાઈ પટેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ઉપસ્થિતિમાં, સહકાર ભારતી, ગુજરાત પ્રદેશના સંગઠન પ્રમુખશ્રી જીવણભાઈ ગોલે, રાજ્યના સમગ્ર શિક્ષા સચિવશ્રી મહેશભાઈ મહેતા , જી.પી.એસ.સી.ના પૂર્વ અધ્યક્ષ શ્રી હસમુખભાઈ જોશી, ગુજરાત રાજ્યના સહકાર વિભાગના જોઇન્ટ રજિસ્ટ્રાર શ્રી આર.ડી.ત્રિવેદી, અભિલેખગાર નિયામક શ્રી પ્રો.શૈલેષભાઈ સોલંકી, શ્રી એ.ડી.ચૌહાણ સચિવ નાયબ મુખ્ય દંડક, શ્રી એન. જી. હારેજા પૂર્વ પી.એસ. મંત્રીશ્રી, ડો.રામસિંહ રાજપૂત પૂર્વ રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટીની નિશ્રામાં સંપન્ન થયો.

આ પ્રસંગે સોસાયટીના નવીન બ્રાન્ચ ઓફિસ ઓપનિંગ નિમિત્તે ગાંધીનગર ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ,જાણીતા યુવા સમાજસેવી અને હિમોફિલિયા જન જાગૃતિ ટ્રસ્ટના મેને.ટ્રસ્ટી શ્રી પ્રવિણસિંહ મોરી,જૂના અને નવા સચિવાલય,જી.એસ.ઈ.સી.એલ.,ગુજરાતના અધિકારીશ્રી,પાટણ,અમદાવાદ,સુરેન્દ્રનગર,ગાંધીનગર, મહેસાણાના અધિકારી, કર્મચારી સભાસદોએ મુલાકાત લઈ શુભારંભ પ્રસંગે પ્રમુખશ્રી હરિભાઈ પટેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સને શુભેચ્છાઓ પાઠવી હતી.

આજના શુભારંભને સફળ બનાવવા માટે રાજ્યકક્ષાની સોસાયટીના ઈ.ચા. જનરલ મેનેજર શ્રી હસમુખભાઈ ડાભી, ગાંધીનગર સ્ટેટ બ્રાન્ચ મેનેજર શ્રી મયંકભાઇ સિંધવ, શ્રી ભરતસિંહ રાજપૂત, શ્રી દિપકભાઈ જાદવ, શ્રી મેહુલભાઈ સુથાર, શ્રી દિલીપભાઈ વાઢેર વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# ૧૨ મે, “મધર્સ ડે”



માનવીય જીવનમાં બાળકનાં જન?મ પછી એની આસપાસ અનેક સબંધો આપમેળે બંધાય છે પણ મા સાથેનો સંબંધ તો જન્મ પહેલા જ બંધાય જાય છે. માતાજીની મૂર્તિ સમી ‘માતા‘નાં વાત?સલ?ય પ્રત?યે કૃતજ્ઞતા વ?યકત કરવા તેમજ તેનું ઋણ અદા કરવા માટે જગતભરમાં મધર્સ-ડે (માતૃદિન)ની ઉજવણી પ્રતિ વર્ષ મે માસનાં બીજા રવિવારે કરવામાં આવે છે. એક માન્યતા અનુસાર આ માતૃદિનની ઉજવણી સર્વપ્રથમ ઇ.સ. ૧૯૦૮માં ફિલાડેલ?ફિયામાં કરવામાં આવી હતી તો કેટલાક લોકો એમ પણ માને છે કે માતૃદિનની ઉજવણી કરવાનો શ્રેય અમેરિકાન મહિલા અન્ના એમ. જાર્વિસને જાય છે. એવું કહેવામાં આવે છે કે અમેરિકન કાર્યકર અન્ના જાર્વિસ તેમની માતાને ખૂબ પ્રેમ કરતા હતા. જેના કારણે તેમણે ક્યારેય લગ્ન પણ કર્યા નહોતા અને તેમને કોઈ બાળકો પણ નથી. માતાના અવસાન પછી, તેમણે તેમના માતા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા માટે આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું. જેના પછી અમેરિકન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ૯ મે, ૧૯૧૪ નાં રોજ તેને એક કાયદા તરીકે પસાર કર્યો. આ કાયદામાં લખ્યું છે કે મેના બીજા રવિવારને ‘‘મધર્સ ડે’’ ઉજવવામાં આવશે ત્યારથી તે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે.

‘તૈતરયોપનિષદ‘માં એક સંસ?કૃત વાકય છે, ‘માતૃ દેવો ભવ‘ એટલે કે ‘માતા‘ દેવ તુલ?ય છે. ભગવાન કૃષ્ણની માતા જશોદા મા એ તો આ માતૃત્વની ઊંડાઈ સાબિત કરી છે. તે વિશ્વનાં સૌથી આદર્શ માતા મનાય છે. ભારતીય સંસ્કૃતિએ માતાને દેવ સમાન ગણી તેનું ગૌરવ વધાર્યું છે. માતાનાં વાત્સલ્યથી અને સંસ્કાર સિંચનથી બાળકનું જીવન ઘડાય છે. માતા હતાશની આશ છે, ભાંગ્યાની ભેરૂ છે, નાસીપાસની પ્રેરણા છે, વિશ્વનું સર્વોત્તમ તીર્થધામ છે, માતાના ચરણતળે જ સ્વર્ગ છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે છે. માતાનાં વાત?સલ?યનું નિર્મળ ઝરણું સતત ગતિમાન હોય છે. તેમની કદર કરવી જોઈએ અને તેનું સાચા અર્થમાં સન્માન કરવું જોઈએ. ઘરની મા ને રડાવી મંદિરને મા ને ચુંદડી ઓઢાડે તો મંદિરની મા ખુશ તો ન જ થાય પણ ખફા જરૂર થાય. સમાજમાં વૃદ્ધાશ્રમ વિહીન વ્યવસ્થાનું નિર્માણ કરીએ તે જ મધર્સ ડેની સાચી ઉજવણી છે. સમાજમાં ઘણા વડીલો સંતાન વિહોણા કે પુત્ર વિહોણા હોય છે ત્યારે માતા પિતાને સાચવવાની જવાબદારી દીકરીઓએ, જમાઈએ પણ લેવી જોઈએ. ઘણા વડીલોને સંતાન નથી હોતા તો તેમની આજુબાજુના પાડોશીઓ, નજીકના સબંધીઓ, તેમના ગામના લોકો, તાલુકાના લોકોએ તેમની કાળજી લેવી જોઈએ તે જ ભારતીય સંસ્કૃતિની શીખ છે. મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯

# મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ પર ઉત્તરાખંડના રાજ્યપાલ અને આચાર્ય લોકેશજી વચ્ચે ચર્ચા

દેહરાદૂનમાં તેમના રોકાણ દરમિયાન, અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય લોકેશજી, ઉત્તારાખંડના રાજ્યપાલ, લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહને રાજભવનમાં મળ્યા હતા અને અક્ષય તૃતીયા અને પરશુરામ જયંતિના પવિત્ર તહેવાર પર તેમની શુભેચ્છાઓ આપી હતી અને મહત્વનાં રાષ્ટ્રીય વિષયો પર ચર્ચા કરી હતી.‘અહિંસા વિશ્વ ભારતી’ અને ‘વર્લ્ડ પીસ સેન્ટર’નાં સ્થાપક આચાર્ય લોકેશજીએ તાજેતરમાં સિંગાપોર, અમેરિકા અને બ્રિટનનાં સંવિપન વિશ્વ શાંતિ અને સદભાવના પ્રવાસ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને



અહિંસા વિશ્વ ભારતી સંસ્થાના આગામી કાર્યક્રમો વિશે પણ માહિતી આપી હતી.રાજ્યપાલ ગુરમીત સિંહજીએ આચાર્ય લોકેશજીને અમેરિકાના રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કર્યા બાદ તેમનું ભારત પરત ફર્યા બાદ સન્માન કર્યું હતું અને તેમને સ્મૃતિ ચિન્હ અર્પણ કરતાં તેમણે કહ્યું હતું કે, ‘‘આચાર્ય લોકેશજીએ તેમના માનવતાવાદી કાર્ય દ્વારા વિશ્વમાં ભારત દેશ અને સંસ્કૃતિને ગૌરવ અપાવ્યું છે. ભારતનાં ઋષિઓનું જ્ઞાન અને તપ વિશ્વમાં શાંતિ અને સદભાવનાનો માર્ગ મોકળો કરે છે. અત્યારે દુનિયા ભારતીય સંસ્કૃતિ અને માન્યતાઓને સન્માનની નજરે જોઈ રહી છે.વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકશાજીએ માનનીય રાજયપાલને ભગવાન મહાવીરનાં ૨૫૫૦માં નિર્વાણ વર્ષની ઉજવણી નિમિત્તે ઉત્તરાખંડનાં રાજભવનમાં કાર્યક્રમ યોજવાની રૂપરેખા રજૂ કરી હતી, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો અને અધિકારીઓને તેનું આયોજન કરવા સૂચના આપી હતી. અક્ષય તૃતીયાના શુભ અવસરે માનનીય ગવર્નર લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહજી અને જૈન આચાર્ય લોકશજીએ રાજભવન સ્થિત ગૌશાળામાં પોતાના હાથે ગાયોને ખવડાવીને ગાયની સેવા કરી અને ભોલેનાથ શિવ મંદિરની મુલાકાત લીધી હતી

‘અહિંસા વિશ્વ ભારતી’ સંસ્થાનાં વિનીત કુમાર શર્મા અને વર્લ્ડ પીસ સેન્ટરનાં મિલિંદ લુથરાએ જણાવ્યું હતું કે, ‘‘આચાર્ય લોકેશજીનાં અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત થવાથી ધર્મ, સંસ્કૃતિ અને આધ્યાત્મિક જગતનું ગૌરવ વધ્યું છે.’’

# ગઝલ આસ્વાદ

અમે તારા પ્રણયનાં ફૂલ ખરવા પણ નથી દેતાં,
છૂપાં રાખ્યાં છે એવાં કે પમરવા પણ નથી દેતાં.

ગરીબીને લીધે કરવી પડે છે કરકસર આવી,
અમે રડીએ છીએ ને અશ્રુ સરવા પણ નથી દેતાં.

હવેના રાહબર પોતે જ ખોટા રાહ જેવાં છે,
સફર સાચી દિશામાં તો એ કરવા પણ નથી દેતાં.

ભલે મળતાં નથી, પણ એજ તારણહાર છે સાચા,
જે ડૂબવા તો નથી દેતા જ, તરવા પણ નથી દેતાં.

હવે આવા પ્રણયનો અંત પણ આવે તો કઇ રીતે?
નથી પોતે વિસરતાં કે વિસરવા પણ નથી દેતાં.

સુરાનો નહિ, હવે સાકીનો ખુદનો છે નશો અમને,
કે એનો હાથ પકડી જામ ભરવા પણ નથી દેતાં.

જીવાડે પ્રેમથી એવું તો કોઇ ક્યાં મળે બેફામ?
કે મતલબ હોય છે તો લોક મરવા પણ નથી દેતાં

– ‘બેફામ’ બરકત વિરાણી

અમે તારા પ્રણયનાં ફૂલ ખરવા પણ નથી દેતાં,
છૂપાં રાખ્યાં છે એવાં કે પમરવા પણ નથી દેતાં.

ગઝલ જગતમાં ‘બેફામ‘બરકત વિરાણીના નામથી કોઈ અજાણ હશે એવું મને નથી લાગતું. એમની આ સુંદર ગઝલ મને ફેઈસબુક પરથી મળી આવી. દરેક શેર ચોટદાર થયા છે. કોઈનો પ્રેમ એવો અમૂલ્ય હોય છે કે એને છુપા ખઝાનાની જેમ સાચવવો પડે છે.એ પ્રેમનું જીવની જેમ જતન કરવું પડે છે. દિલની ગહેરાઈમાં છુપેલા એ પ્રેમના પુષ્પો ખરવા પણ નથી દેતા અને હૃદયની ગહેરાઈમાં એવા છુપાવ્યા છે કે ખીલવા પણ નથી દેતાં. પ્રેમને ખીલવા માટે દુનિયાની રજામંદીની જરૂર હોય છે. એને જો દિલમાં ધરબી દેવામાં આવે તો એ પ્રણયના પુષ્પો પમરવાના નહીં.

ગરીબીને લીધે કરવી પડે છે કરકસર આવી,
અમે રડીએ છીએ ને અશ્રુ સરવા પણ નથી દેતાં.

પોતાની ગરીબી જાહેર ના થઇ જાય તેથી કવિ કહે છે કે અમે રડીએ છીએ પણ આંસુ સરવા નથી દેતાં. અહીં ગરીબીને લીધે કરકસર ની વાત આવે ત્યારે આંસુને પણ ખઝાનો સમજી સાચવી લે છે. આંખથી વહેવા નથી દેતાં.

હવેના રાહબર પોતે જ ખોટા રાહ જેવાં છે,

સફર સાચી દિશામાં તો એ કરવા પણ નથી દેતાં.

રાહબર પોતે ખોટી રાહ જેવાં હોય તે તમને સાચી દિશા શી રીતે બતાવવાના! રાહબર ક્યારેક રસ્તો બતાવવાને બદલે રસ્તેથી ભટકાવાનું કામ કરતા હોય છે. દરેક રાહબરને પોતાની દુકાન ચલાવવી હોય છે. એવા રાહબર શું કામના જે તમને મંઝિલ સુધી તો ના પહોંચાડે પણ સાચી દિશામાં સફર પણ ના કરવા દે. આ દુનિયા એટલી સ્વાર્થી છે કે જો તમને આંગળી ચીંધી રસ્તો ના બતાવે પણ ઉલ્ટી દિશામાં આંગળી કરી રસ્તો ભટકાવે!

ભલે મળતાં નથી, પણ એજ તારણહાર છે સાચા,

જે ડૂબવા તો નથી દેતા જ, તરવા પણ નથી દેતાં.

જિંદગીની નાવ એને હાથ છે જે આપણને કદી મળતા નથી. પણ આપણી લગામ એને હાથ હોય છે. એજ સાચા તારણહાર છે. પણએ ડૂબવા પણ નથી દેતાં અને તરવા પણ નથી દેતાં. કવિને હમેશા ખુદા પ્રત્યે ફરિયાદ રહી છે. ખુદાને તારણહાર માને છે જેને કદી મળ્યા નથી પણ જીવનની ડગમગ નાવને તરવા કે ડૂબવા નથી દેતાં એની શિકાયત છે.

હવે આવા પ્રણયનો અંત પણ આવે તો કઇ રીતે?

નથી પોતે વિસરતાં કે વિસરવા પણ નથી દેતાં.

પ્રેમને ભુલાવવો કેવો અશક્ય છે. એકવાર પ્રેમ થાય , તો ભલે એ પાત્ર તમારા જીવનમાંથી હટી જાય પણ પાત્રની યાદ ક્યાં હટે છે? જે મૃત્યુ સુધી તમારી સાથે રહે છે! હવે એવા પ્રેમને શી રીતે અંત આવે ? જેની છબી દિવસરાત તમારી સમક્ષ રહેતી હોય? જે પોતે પણ વિસરતાં નથી અને અમને પણ વિસરવા દેતાં નથી! યાદ ના જાયે બીતે દિનોકી જાકે ના આયે જો દિન દિલ ક્યું બુલાયેં ઉસે?

સુરાનો નહિ, હવે સાકીનો ખુદનો છે નશો અમને,

કે એનો હાથ પકડી જામ ભરવા પણ નથી દેતાં.

બેફામ સાહેબ ની ગઝલમાં એક શેર સુરાનો તો હોય. પણ અહીં એ કબુલ કરે છે કે અમને સુરાનો નહીં સાકીનો નશો છે. સાકીની આંખમાં એવા ખોવાઈ ગયા છે કે સાકીનો હાથ પકડીને જામ ભરવા પણ નથી દેતાં. શરાબનો નશો પળ બે પળ નો હોય છે. પણ જેને આંખનો નશો ચડે છે એ જિંદગીભર ઉતરતો નથી.એ પ્રણયનો નશો છે જે ઇન્સાન ને પાયમાલ કરી દે છે.જો નશા તેરી આંખમેં હૈ વોહ શરાબમેં કહાં?

જીવાડે પ્રેમથી એવું તો કોઇ ક્યાં મળે બેફામ?

કે મતલબ હોય છે તો લોક મરવા પણ નથી દેતાં

આખી દુનિયા મતલબી છે. અહીં દરેકને બીજા સાથે કૈક મતલબ નીકળે છે. પ્રેમ નામનો રહી ગયો છે. અહીં પતિને પત્નીથી , પત્નીને પતિથી, ઔલાદને માબાપથી અને માબાપને ઔલાદથી કૈક સ્વાર્થ હોય છે. એટલે પ્રેમથી જીવાડવાની વાત તો ક્યાં આવે છે. મતલબ હોય એટલે લોકો મરવા પણ નથી દેતાં. કડવું સત્ય મક્તાના શેરમાં પ્રગટ થાય છે. ખૂબ સંવેદનશીલ ગઝલ!

સપના વિજાપુરા

# રાજકીય પક્ષોની નજર ચોથા તબક્કાની ૩૨ બેઠકો પર ટકી,છત્રપનું પણ ભાવિ નક્કી થશે

નવીદિલ્હી,તા.૧૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાન બાદ અડધી યાત્રા પૂર્ણ થઈ ગઈ છે અને હવે ચોથા તબક્કાનો વારો છે. ચોથા તબક્કામાં, ૧૦ રાજ્યોની ૯૬ લોકસભા બેઠકો માટે ૧૭૧૭ ઉમેદવારો મેદાનમાં છે, જેમના ભાવિનો નિર્ણય ૧૩ મેના રોજ મતદારો કરશે. આ તબક્કામાં રાજકીય પક્ષો માટે તે બેઠકો પર ચૂંટણીની કસોટી છે જ્યાં એક સમયે કોંગ્રેસનું વર્ચસ્વ હતું. પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપે ૧૦ વર્ષ પહેલા કોંગ્રેસને હરાવી હતી અને સિંગલ ડિજિટ સુધી સીમિત રહી હતી. ભાજપ પોતાનો ગઢ બચાવવાનો પ્રયાસ કરી રહી છે જ્યારે કોંગ્રેસ તેને છીનવી લેવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ ચોથા તબક્કાની વાસ્તવિક ચૂંટણી ૩૨ બેઠકો પર ટકી રહી છે. આ બેઠકો એવી છે કે જે કોઈપણ પક્ષની રમત બનાવવા કે તોડવાની શક્તિ ધરાવે છે?

૨૦૨૪ની ચૂંટણીના ચોથા તબક્કામાં ૧૦ રાજ્યોમાં ૯૬ બેઠકો છે. આ તબક્કામાં તેલંગાણામાં ૧૭, આંધ્રપ્રદેશમાં ૨૫, બિહારમાં ૫, જમ્મુ અને કાશ્મીરમાં ૧, ઝારખંડમાં ૪, મધ્ય પ્રદેશમાં ૮, મહારાષ્ટ્રમાં ૧૧, ઓડિશામાં ૪, પશ્ચિમ બંગાળમાં ૮ અને લોકસભાની બેઠકો છે. ૧૩ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી છે. ૧૩ મેના રોજ આ ૯૬ બેઠકો પર મતદાન સાથે, દેશના ૧૮ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભા ચૂંટણી માટે મતદાન સમાપ્ત થશે. એટલું જ નહીં, ૩૭૯ બેઠકો પર ચૂંટણી પણ પૂર્ણ થઈ ગઈ હશે. આ પછી, આગામી ત્રણ તબક્કામાં, ૧૬૩ બેઠકો માટે પરીક્ષણ કરવામાં આવશે.

૨૦૧૯ માં, ૯૬ બેઠકો પર ભાજપનો હાથ હતો જેના માટે લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં ૧૩ મેના રોજ મતદાન થઈ રહ્યું છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ૮૯ બેઠકો પર ચૂંટણી લડીને ૪૨ બેઠકો જીતવામાં સફળતા મેળવી હતી. તે ૨૦૧૪માં માત્ર ૩૮ અને ૨૦૦૯માં ૧૦ બેઠકો જીતવામાં સફળ રહી હતી. તે જ સમયે, કોંગ્રેસ ૨૦૧૯માં ૮૫ બેઠકો પર ચૂંટણી લડીને માત્ર ૬ બેઠકો જીતી શકી હતી અને ૨૦૧૪માં ત્રણ લોકસભા બેઠકો અને ૨૦૦૯માં ૫૦ લોકસભા બેઠકો જીતવામાં સફળ રહી હતી.તે જ સમયે, આ તબક્કામાં પ્રાદેશિક પક્ષોએ કોંગ્રેસ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. વાયએસઆર કોંગ્રેસ ૨૦૧૯માં ૨૨ બેઠકો જીતવામાં સફળ રહી હતી જ્યારે ૨૦૧૪માં તેને ૯ બેઠકો મળી હતી. તેલંગાણામાં, બીઆરએસ (તત્કાલીન ટીઆરએસ) એ ૨૦૧૯માં ૯ બેઠકો જીતી હતી જ્યારે તે ૨૦૧૪માં ૧૧ અને ૨૦૦૯માં બે બેઠકો જીતવામાં સફળ રહી હતી. આ સિવાય અન્ય પક્ષોએ ૧૭ બેઠકો જીતી હતી જ્યારે સપા, બસપા અને આરજેડી જેવી પાર્ટીઓ એક પણ બેઠક જીતી શકી નથી.

ચોથા તબક્કાની ૯૬ બેઠકો પરની છેલ્લી ત્રણ લોકસભા ચૂંટણીના પરિણામો પર નજર કરીએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસનો ગ્રાફ ઝડપથી નીચે આવ્યો છે અને ભાજપનો આધાર વધ્યો છે. ૨૦૧૯માં ભાજપે જે ૮૯ બેઠકો પર ચૂંટણી લડી હતી તેમાંથી ૪૩ બેઠકો પર વોટ શેર ૪૦ ટકાથી વધુ હતો જ્યારે કોંગ્રેસને ૪૩ બેઠકો પર ૧૦ ટકાથી ઓછો વોટ શેર મળ્યો હતો. આનાથી એક વાત સ્પષ્ટ છે કે કોંગ્રેસ માટે આ તબક્કામાં ભાજપને પડકાર આપવો આસાન નથી, પરંતુ તેલંગાણામાં સત્તા પરિવર્તન બાદ રાજકીય પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.જો આપણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાની ૯૬ લોકસભા બેઠકોનું વિશ્લેષણ કરીએ તો ત્યાં ૨૧ બેઠકો એવી છે જે દરેક ચૂંટણીમાં સ્વિંગ કરે છે. આ સિવાય ૧૧ બેઠકો પર જીત અને હારનો તફાવત એક ટકાથી ઓછો હતો. આ રીતે, આ વખતે ખરી રાજકીય રમત ૩૨ લોકસભા બેઠકો પર છે, કારણ કે આ બેઠકોના પરિણામો કોઈપણ રીતે બદલાઈ શકે છે.ચોથા તબક્કામાં જે ૨૧ બેઠકો પર મતદાન થશે તેમાં નિઝામાબાદ, કરીમનગર, અમલાપુરમ, અનાકાપલ્લે, અનંતપુર, બાપટલા, એલુરુ, કાકીનાડા, નરસાપુરમ, રાજમુન્દ્રી, મુંગેર, ખમ્મમ, ખ્વિશાખાપટ્ટનમ, વિજયનગરમ, ખમ્મમ, શ્રીનગર, મલકાપુરમ, મલકાપુરમ, મલકાપુરમ, મલકાપુરમ, મલકાપુરમ. , બર્દવાન -દુર્ગાપુર અને કાલાહાંડી બેઠકો. આ સિવાય ૧૧ બેઠકો એવી છે કે જેના પર જીત કે હારનું માર્જિન એક ટકાથી ઓછું હતું. આ બેઠકો છે મલ્કાજગીરી, વિજયવાડા, ઝહીરાબાદ, શ્રીકાકુલમ, ભોંગિર, ઔરંગાબાદ, વિશાખાપટ્ટનમ, બર્દવાન, ગુંટુર, કોરાપુટ અને ખજુરાહો.છેલ્લી લોકસભા ચૂંટણીમાં ૧૧ બેઠકો એક ટકા કરતા ઓછા મતોથી જીતી હતી. ટીડીપીએ આંધ્રપ્રદેશના વિજયવાડામાં ૦.૭ ટકા, શ્રીકાકુલમમાં ૦.૬ ટકા અને ગુંટુરમાં ૦.૬ ટકા મતોથી જીત મેળવી હતી. કોંગ્રેસે તેલંગાણાની મલકાજગીરી સીટ ૦.૭ ટકા અને ભોંગિર સીટ ૦.૪ ટકાના માર્જીનથી જીતી હતી. અન્ય નજીકથી લડાયેલી બેઠકો વિશાખાપટ્ટનમ, ગુંટુર, ખુંટી, ઔરંગાબાદ, કોરાપુટ, ઝહીરાબાદ અને બર્ધમાન-દુર્ગાપુર ભાજપે બે બેઠકો જીતી હતી અને મ્ઇજી, છૈસૈંસ ૧-૧ બેઠક જીતવામાં સફળ રહી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં સ્વિંગ સીટો અને ગઢ સામસામે છે, પરંતુ આ વખતે મુકાબલો તદ્દન અલગ છે.બીઆરએસને બદલે હવે કોંગ્રેસ તેલંગાણામાં સત્તા પર છે અને આંધ્રપ્રદેશમાં નજીકની હરીફાઈ માનવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, ૩૨ બેઠકો પર અહીં અને ત્યાં થોડા મત સમગ્ર ચૂંટણીની રમતને બદલી શકે છે.

# ૨૧ દિવસ, ૩ રાજ્યો, ૪ તબક્કા... કેજરીવાલ રાજકીય વાતાવરણમાં કેટલો ફેરફાર કરશે?



નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ‘સર્વોચ્ચ‘ રાહત મળી છે. કોર્ટે તેને ૧ જૂન સુધીના જામીન આપ્યા છે. હવે તે દિલ્હી, હરિયાણા અને પંજાબમાં યોજાનારી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટેસરળતાથી પ્રચાર કરી શકશે. દિલ્હીના સીએમએ ચૂંટણી પ્રચારને ટાંકીને કોર્ટ પાસે વચગાળાના જામીન માંગ્યા હતા. જોકે અગાઉ પણ કોર્ટ તેમના પ્રત્યે નરમ દેખાતી હતી. કોર્ટે એ પણ સંકેત આપ્યો હતો કે કેજરીવાલના જામીનનો રસ્તો એટલો મુશ્કેલ નથી. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે કેજરીવાલ રીઢો ગુનેગાર નથી, જ્યારે ઈડી કહી રહી હતી કે જો તેમને ચૂંટણી પ્રચારના આધારે જામીન આપવામાં આવશે તો તે અમૃતપાલ જેવા કેસ માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.

ઈડીએ તો કોર્ટને કહ્યું હતું કે ચૂંટણી પ્રચાર એ મૂળભૂત અધિકાર નથી. પરંતુ આ દલીલો છતાં જો સુપ્રીમ કોર્ટ કેજરીવાલને જામીન આપે તો શું સમજવું? એવું લાગે છે કે સુપ્રીમ કોર્ટ પણ ઈડીની મૂળભૂત અધિકારોની દલીલ સાથે સહમત નથી. ઈડી જે રીતે વિચારે છે તે રીતે કોર્ટ કદાચ વિચારતી નથી. કોર્ટને કદાચ નથી લાગતું કે ચૂંટણી પ્રચાર માટે કેજરીવાલને જામીન આપવાથી અન્ય કોઈ કેસમાં કોઈ ફરક પડશે. જ્યારે ઈડીએ સામાન્ય જનતા, ખેડૂતો અને નાના વેપારીઓને અપીલ કરી હતી, પરંતુ કોર્ટે તેમની વાત સાંભળી ન હતી.

અરવિંદ કેજરીવાલ ચૂંટણીમાં સુપ્રીમ કોર્ટમાંથી મળેલી રાહતનો લાભ ઉઠાવવામાં શરમાશે નહીં. તે માત્ર સહાનુભૂતિના મત મેળવવાનો પ્રયાસ કરશે જ નહીં, પરંતુ એ હકીકત પણ બનાવી શકે છે કે ઈડીના વિરોધ છતાં કોર્ટે તેમને જામીન આપ્યા હતા, જે ચૂંટણીમાં એક મુદ્દો હતો. હવે અરવિંદ કેજરીવાલ દિલ્હી, હરિયાણા અને પંજાબમાં યોજાનારી લોકસભા ચૂંટણીમાં સરળતાથી પ્રચાર કરી શકશે. દિલ્હીમાં ૨૫ જૂને મતદાન થવાનું છે. હરિયાણામાં ચોથા તબક્કામાં આમ આદમી પાર્ટી કુરુક્ષેત્ર સીટ પરથી ચૂંટણી લડી રહી છે. પંજાબમાં ૧ જૂને મતદાન થવાનું છે, તેથી કેજરીવાલ હવે પહેલીવાર લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરી શકશે. કેજરીવાલ જેલમાં હતા ત્યારે તેમની પત્ની સુનીતા કેજરીવાલે ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. રેલીઓ અને રોડ શો દ્વારા તે સતત જનતા સાથે જોડાયેલી રહી.

તમને જણાવી દઈએ કે દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો પર ૨૫મી મેના રોજ મતદાન થશે. ૧૬૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.આપ દિલ્હીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી રહી છે. આપ લોકસભાની ૪ સીટો પર ચૂંટણી લડી રહી છે જ્યારે કોંગ્રેસ ૩ સીટો પર ચૂંટણી લડી રહી છે. જેલમાંથી મુક્ત થયા બાદ કેજરીવાલ જોરશોરથી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. જેલમાં મોકલવા અને કોર્ટમાંથી રાહત મળવાની હકીકતનો લાભ ઉઠાવવામાં તે કોઈ કસર છોડશે નહીં.ઈડીના વિરોધ છતાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે ૨૧ દિવસમાં કોઈ ફરક નહીં પડે.

# રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવતા સ્ટેટ ગાર્ડના વડાને બરતરફ કર્યો

કિવ,તા.૧૧

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ સ્ટેટ ગાર્ડના વડાને બરતરફ કર્યા. ખરેખર, તેના પર ઝેલેન્સકીની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ છે. ઝેલેન્સકીએ ભૂતપૂર્વ સ્ટેટ ગાર્ડ નેતા શેરહી રાડને બરતરફ કર્યા. મીડિયા અહેવાલો અનુસાર, રાજ્ય સુરક્ષા સેવા (એસબીયુ) એ જણાવ્યું હતું કે આ અઠવાડિયાની શરૂઆતમાં ઝેલેન્સકી અને અન્ય અધિકારીઓની હત્યાના કાવતરાનો ખુલાસો થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કે, રુડના અનુગામી દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

એસબીયુના જણાવ્યા મુજબ, કર્નલ રેક્ર ધરાવતા સ્ટેટ ગાર્ડના બે સભ્યોએ પહેલા ઝેલેન્સકીનું અપહરણ કરવાનું અને બાદમાં તેની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. અન્ય મહત્વના અધિકારીઓને નિશાન બનાવવા માટે એસબીયુના વડા વાસિલ મેલીયુક અને લશ્કરી ગુપ્તચર એજન્સીના વડા કિરીલ બુડાનોવ હતા. મીડિયા અનુસાર, યુક્રેનના બે અધિકારીઓને હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં પકડવામાં આવ્યા છે.

યુક્રેન સરકારના બે કર્નલ પર નાણાકીય વળતરના બદલામાં યુક્રેન વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવાનો આરોપ છે. બંને પર રાજદ્રોહનો આરોપ હતો. તેમાંથી એક વિરૂદ્ધ આતંકવાદી ગતિવિધિઓમાં સંડોવણીના આરોપો પણ છે. એક શકમંદને રશિયાની સ્ટેટ સિક્યુરિટી સર્વિસ દ્વારા બે ડ્રોન અને દારૂગોળો આપવામાં આવ્યો હતો, જે તેણે બીજા સાથીદારને પહોંચાડવાનો હતો.એસબીયુએ આક્ષેપ કર્યો હતો કે તેઓએ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી અને અન્ય અધિકારીઓની હત્યાના કાવતરાને નિષ્ફળ બનાવ્યો હતો. જોકે, રશિયાએ આ અંગે સત્તાવાર રીતે કોઈ પ્રતિક્રિયા આપી નથી. ખરેખર, જીર્મે એ આરોપ લગાવ્યો હતો કે બે અંગરક્ષકોએ એફએસબી સાથે સંવેદનશીલ માહિતી શેર કરી હતી. હાલના સમયમાં રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ઝેલેન્સ્કી પ્રશાસનને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. આ યુદ્ધને કારણે પ્રગતિ અટકી ગઈ છે, જેના કારણે ઘણા અધિકારીઓ ભ્રષ્ટાચારના કેસોનો સામનો કરી રહ્યા છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ એલેક્ઝાન્ડર સિરસ્કીને નવા આર્મી ચીફ તરીકે નિયુક્ત કર્યા હતા.

# રશિયા-યુક્રેન યુદ્ધમાં શ્રીલંકાના આઠ લડવૈયાઓના મોત, સંરક્ષણ મંત્રાલય

કોલંબો,તા.૧૦

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં શ્રીલંકાના આઠ લડવૈયા માર્યા ગયા છે. શ્રીલંકાની પોલીસે આ જાણકારી આપી છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ લડવૈયાઓ રશિયા અને યુક્રેનની સેનામાં જોડાયા હતા. શ્રીલંકાના ઘણા ભૂતપૂર્વ સૈન્ય કર્મચારીઓને વિદેશમાં નોકરીના નામે કેટલીક વિદેશી એજન્સીઓ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. શ્રીલંકન પોલીસની સીઆઈડી વિંગનું કહેવું છે કે આઠમાંથી છ લડવૈયાઓ રશિયામાં માર્યા ગયા હતા જ્યારે બે યુક્રેનમાં માર્યા ગયા હતા. આ ભૂતપૂર્વ સૈન્ય કર્મચારીઓને કેટલીક વિદેશી એજન્સીઓએ રશિયા અને યુક્રેનમાં લડવૈયા તરીકે કામ કરવા માટે મોકલ્યા હતા.એક અહેવાલમાં જણાવાયું છે કે હાલમાં લગભગ ૬૦ ભૂતપૂર્વ સૈન્ય કર્મચારીઓ રશિયા માટે કામ કરી રહ્યા છે જ્યારે ૨૩ યુક્રેનમાં છે. સીઆઈડીના જણાવ્યા અનુસાર, કેટલીક એજન્સીઓએ શ્રીલંકાના ઘણા ભૂતપૂર્વ સૈન્ય કર્મચારીઓને ગેરમાર્ગે દોર્યા છે અને તેમને વિદેશમાં રોજગારના નામે યુક્રેન અને રશિયા મોકલ્યા છે.શ્રીલંકાના સંરક્ષણ મંત્રાલયના અધિકારી કમલ ગુણારત્નેએ કહ્યું કે વિદેશી એજન્સીઓ અને તેમના રેકેટ અને ધરપકડો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# તિસ્તા વોટર પ્રોજેક્ટ: ભારત બાંગ્લાદેશને મદદ કરશે, વિદેશ સચિવ ક્વાત્રા

ઢાકા,તા.૧૧

ભારતે બાંગ્લાદેશને તેની મહત્વાકાંક્ષી તિસ્તા જળ યોજનામાં મદદની ઓફર કરી છે. ગુરુવારે આ માહિતી આપતાં બાંગ્લાદેશના વિદેશ પ્રધાન હસન મહમૂદે જણાવ્યું હતું કે ભારતના વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ વડા પ્રધાન શેખ હસીના સાથેની તેમની મુલાકાત દરમિયાન આ પ્રસ્તાવ મૂક્યો હતો. બાંગ્લાદેશ તિસ્તા નદી પર જળાશયનું નિર્માણ કરી રહ્યું છે. તિસ્તાના પાણીની વહેંચણી એ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો વિવાદાસ્પદ મુદ્દો છે. આ કારણોસર બાંગ્લાદેશે જળાશય બનાવવાની પહેલ કરી અને ચીન આ પ્રોજેક્ટને સમર્થન આપી રહ્યું છે.

હસીના બાદ ક્વાત્રા પણ મેહમૂદને મળી હતી. આ માહિતી આપતા મહમૂદે કહ્યું કે ક્વાત્રાએ તિસ્તા સંબંધિત પ્રોજેક્ટ માટે ભારત પાસેથી ધિરાણનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રોજેક્ટ બાંગ્લાદેશની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે. જો કે ભારત તરફથી આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. જોકે ક્વાત્રાએ શેખ હસીનાને દિલ્હી આવવાનું આમંત્રણ આપ્યું છે.

# ભગવાન કૃષ્ણની સોળ હજાર એકસો સાંઠ રાણીઓને કેટલું કુટુંબ પેન્શન મળે ???

“ ગિરધરભાઇ કશું કર્યા સિવાય રૂપિયાની ગડીઓ મેળવનારને શું કહેવાય?? રાજુ રદી આજકાલ રૂબિક ક્યુબિક પઝલના મુડમાં હોય છે. છાપામાં સુડોકુ નામે ઓળખાતી શબ્દ પ્રતિયોગિતાનું ચોકઠું-બોક્સ બુઠી પેન્સિલથી ( જો કે,રાજુ રદીની બુધ્ધિ પણ પેન્સિલની અણી જેવી બુઠી છે!!) ભરતા ભરતા ત્રણ અક્ષરનો ઉભો-આડો શબ્દ ફાનસ કે માનસ એવું ધોળા દિવસે વિચારતો હોય!! ક્રોસ વર્ડ કે પઝલના ખાલી ખાના ભરતો હોય. ક્યારેક અર્થના અનર્થ પણ કરતો હોય. ભૂતને બદલે ભળતો શબ્દ. જવા દો એ ગાંડિયો માણસ છે!!

“ જો રાજુ. આપણે રૈયત છીએ. આપણે (અંધ) ભક્ત છીએ. પ્રજાના પાલનહાર માટે આડું અવળું ન વિચારાય. પર ધાન એટલે પારકા ધાન પર નભના નેતા લોગ ભાંગવા, કાપવા, સળગાવવા જેવા કામ થાક્યા વગર કરતા હોય છે. દિવસના ચોવીસ કલાકમાંથી અઢાર અઢાર કલાક કામ કરે તો પણ દેશની સંપતિ વેચવાનું કામ પૂરું થતું નથી!!” મેં રાજુને આડાઅવળા સવાલો પૂછવા માટે ખખડાવી નાંખ્યો . રાજુ જેવા બેજવાબદાર પત્રકારોને લીધે ફ્રીડમ ઓફ પ્રેસના ડીમડીમ ડીટામાં આપણે છેક એકસો એકાવનમાં એટલે તળિયાના નંબરે છે! જ્યાં ગનની નોક પર પત્રકારિતા ચાલે છે તે શતમુખ વિનિપાતના આરે ડૂબેલ પાકિસ્તાન આપણા કરતા ઉંચા નંબરે છે!!

ગિરધરભાઇ . મારા હિટલિસ્ટમાં નેતા લોગ નથી. હું હંમેશા લૂંટારાઓનું સન્માન કરૂં છું. મારો સવાલ ચોક્કસ વર્ગ સામે છે.” રાજુએ બદનક્ષીના કેસના ભયથી ખાંસડું મોંમાં લીધું કે શું?

“ જો રાજુ સંસાર માંડ્યા વગર સંસારીઓના તમામ દુખોનો સાધુબાણ ઈલાજ બાબા, સંતો, મૌલવીઓ,,તાંત્રિકો પાસે હોય છે. દસમા ધોરણમાં પાંચ વાર ડાંડી મારવા છતાં લગભગ બધા ગોલ્ડ મેડાલિસ્ટ હોય છે.પ્રેમ, વશીકરણ, છૂટા છેડા વગેરેનો ઉકેલ ચપટીમાં લાવવાની ડંફાશ મારનાર પોતાના છૂટાછેડાના કેસમાં ફેમિલી કોર્ટમાં દસ વરસથી હાજરી આપી ચપ્પલના તળિયા ઘસી નાંખે છતાં છૂટાછેડા કરાવી શકતા નથી!! સામેની વ્યકિતનેન માયા છોડવાની સલાહ આપનારા માયાને જકડી રાખે છે. તક મળે તો માયાની કાયા જોડે કબડી કે ખોખો રમી લે છે!! તું કદાચ આ વર્ગની વાત કરૂં છું,,ખરૂં કે નહી??”મેં વધુ એકવાર બ્લાઇન્ડ કાર્ડ ખેલ્યા!!

“ ગિરધરભાઇ. તમે હવે ફેંકોલોજીમાં માહિર થઇ ગયા છો!! હું આ વર્ગની પણ વાત કરતો નથી.” રાજુ સુપ્રિમ કોર્ટ સરકાર પર નારાજ થાય તેમ મારા પર ભયંકર ધગી ગયો!!

“ રાજુ.,અચ્છા જી મેં ચલો હાર ગયા. તું પહેલી બુઝાવવા કરતાં સ્પષ્ટ કહી દે!!” મેં પણ હથિયાર હેઠા મુક્યા .

“ ગિરધરભાઇ. હું પેન્શન લેનાર વર્ગની વાત કરૂં છું. કોઇ વ્યકિત માટે દીકરો અ મૂડી ગણાય. દીકરાનો દીકરો કે દીકરી એ મૂડીનું વ્યાજ ગણાય. નોકરિયાત માટે પગાર એ વગર મૂડીનો ધંધો છે. નોકરીયાત માટે પગાર એ મૂડી છે. પેન્શન એ મૂડી પરનું વ્યાજ છે. પેન્શન સમાજ માટે ધી બર્નિંગ ટ્રેન જેવો બર્નિંગ પ્રોબ્લેમ છે. પેન્શન જમને મળે છે એ રાજા રજવાડાઓને રાજ્ય દેશને ચરણે સમર્પિત કરવાની કદરરૂપે સરકાર દ્વારા વાર્ષિક સાલિયાણા પેટે ચૂકવવામાં આવતો દરમાયો હતો. નોકરિયાત જીવનના પાંત્રીસ -ચાલીસ વર્ષ સરકાર પાછળ કુરબાન ( કુરબાન શબ્દ વિધર્મી હોવાથી સમર્પણ-ન્યોછાવર શબ્દનું બંધ કે છતી આંખે વાંચન કરવા પ્રાર્થના છે!!) કરવાની કદરરૂપે પેન્શન મળવું જ જોઇએ તેમ દ્રઢ કે જડતાથી માને છે. જો કે તે ખોટું પણ નથી. કેમ કે નોકરિયાત સરકારના જામાતા કે જમાઈ તરીકે ઓળખાય છે. દીકરી આભ જેટલું માંગે તેમ પણ કહેવાય છે. સરકાર મરો કે પ્રજા મરો પણ નોકરિયાતનું તરભાણું ભરો એ કહેવત પણ પેન્શન પરથી પડી છે તેમ કેટલાક વાંકદેખા કહે છે!! મૂઇ ભેંસના મોટા ડોળા એમ આપણે ત્યાં કહેવાય છે. આપણે ત્યાં જીવતો હાથી લાખનો અમે મરેલો હાથી સવા લાખનો એવું કહેવાય છે. પરંતું, પેન્શનની બાબતમાં આવું ખાતરીબંધ કહી ન શકાય. કેમ કે, પગાર એ બરફની પાટ હોય તો પેન્શન એ બરફનું નાનકડું ગચિયું છે !! પગારની સરખામણીએ પેન્શન એ બોનસાઇ હાથી છે. જેનો પેન્શનરને સદૈવ અસંતોષ રહે છે” રાજુએ પેન્શન પારાયણ રજૂ કરી!!

“ રાજુ.ખાનગી કંપનીમાં કામ કરનાર સરકારી નોકરિયાતને મળતા પેન્શનની કાયમ ઈર્ષા કરતા હોય છે. સરકારના બોર્ડ કોર્પોરેશનમાં નોકરી કરનાર ચાલીસ વરસે નોકરીમાંથી નિવૃત થાય તો અઢી-ત્રણ હજારનું જંગી પેન્શન મેળવે છે. બેશક, આટલું જંગી પેન્શન મળે તો ખાનગી કંપનીમાં નોકરી કરનારને અસૂયા થાય!! કંપની અને આઇટી કંપનીમાં નોકરી કરનારને મળતા પગાર અમે પર્કસ પેકેજ સામે સરકારી નોકરિયાતને મળતો પગાર ચણા મમરા કે કોથમીર -લીમડા જેવો લાગે!! બધાને પત્ની કરતાં પાડોશણ જ રોમેન્ટિક લાગે! પારકે ભાણે મોટો લાડવો લાગે!સરકારી નોકરિયાતોમા્ પણ સિનિયર કરતાં જુનિયરને પગાર પંચ કે પેન્શનમાં વધારે ફાયદો રહે. અહી બડે મિંયા અને છોટે મિંયા બડે મિંયા થઇ જાય તો પછી સુભાનલ્લાહ કયાંથી થાય??

એક જ હોદા પરથી રીટાયર થાય તેને મળતા પેન્શનની રકમનો ફેરફાર હાથી-ઘોડા જેટલો રહે છે. લશ્કરમાં વન રેન્ક વન પેન્શનનો મામલો પેચીદો છે!! સરકારે ૨૦૦૫માં જૂની પેન્શન યોજના બંધ કરી એનપીએસ શરૂ કરી . જે નોકરિયાત માટે ગાય દોહીને વરૂને દૂધ પીવડાવવા સમાન છે!! જે કફનમાં ખિલ્લો લગાવવા બરાબર છે!!” મેં રાજુને કહ્યું.

“ ગિરધરભાઇ પેન્શનરની જમાત પણ ચિત્ર વિચિત્ર છે. નોકરિયાત નોકરીમાં દાખલ થાય ત્યારે અમુક અપવાદને બાદ કરતાં એકપત્નીત્વ કે એકપતિત્વની સ્થિતિમાં હોવો જોઇએ. પરંતુ, નોકરી દરમિયાન કોઇ રમણી જોડે આંખ મળી જાય, લિવ રીલેશન , સાળી વટુ જેવી કળા આચરે તો કાયદેસરની પત્ની ઉપરાંત ઉપવસ્ત્ર- ઉપવસ્ત્રો હોય તો ેપેન્શનર અવસાન પામે પછી જેટલી સ્ત્રીઓ કુટુંબ પેન્શનનો દોવો કરે તેની કાયદેસરતા ચકાસણી કરીને સરખા ભાગે કુટુંબ પેન્શન મંજૂર કરવામાં આવે છે !!” કેટલાક અભાગિયાઓને રીટાયર થયા પછી વીસ પચીસ વરસ થવા છતાં પેન્શન મંજૂર થતું નથી.કામચલાઉ પેન્શન આખરી થવામાં દાયકા વીતી જાય છે!!રાજુએ કહ્યું.

“રાજુ . ભગવાન કૃષ્ણ દ્વારકાના રાજા હતા . તેમને આઠ પટરાણી સહિત સોળ હજાર એકસો સાંઠ રાણી હતી.જો ભગવાન કૃષ્ણ સરકારી નોકરી કરતા હોત અને નિવૃત થયા પછી અવસાન પામે તો બધી રાણીઓને સરખા ભાગે પેન્શન મળે???” વૈતાળ વિક્રમ રાજાને પ્રશ્ન પૂછે તેમ મેં રાજુને સ્ફોટક સવાલ પૂછ્યો !!

રાજુ રદી દિંગમૂઢ બની ગયો. ઘડીકમાં આંગળીના વેઢા ગણે, હિસાબ કરતો રહ્યો, માથું ખંજવાળતો ખંજવાળતો ફૂટબોલની જેમ તેના ઘર જવા રવાના થયો!!!

# ચાણસ્મા તાલુકાના કંબોઈ નજીક નર્મદા કેનાલ તટે બિરાજ માન .. ગોરૈયા વિર દાદા શ્રદ્ધાળુઓના આસ્થાનું કેન્દ્ર બન્યા




૨૦૦ વર્ષે પૂર્વે કંબોઈના (રાવલ) બ્રૈંહ્મણ પરિવાર કચ્છમાં ગયા ત્યાર પછી પરત આવતા ગોરૈયા વિર સાથે આવ્યાની લોકવાયકા રહેલી છે

કંબોઈ આજૂબાજૂના ૨૭થી વધારે ગામોના આરાધ્ય દેવ છે ગોરૈયા વિર મહારાજ

ગોરૈયા વિર મહારાજની સાથે જોડાયેલી ગોરૈયા વીર દાદા ન પરચાની અનેક લોકવાયકાઓ છે

વૈશાખ સુદ - ૧૫ ના રોજ દાદાનો પાટોત્સવ અને ધજારોહણ સહીત ધાર્મિક કાર્યક્રમો યોજાય છે.

જેમાં વાણીયા બ્રાહ્મણ પાટીદાર સહિત ૧૮ વર્ણના લોકો માટે ગોરૈયા વિરદાદા અતુટ શ્રદ્ધાનું કેન્દ્ર છે.

ચાણસ્માથી ૧૨ કિલોમિટરના અંતરે રામગઢ અને કંબોઈના મધ્યમાં નર્મદની મુખ્ય કેનાલ પાસે ૧૮ વર્ણ નું આસ્થા અને અડગ શ્રદ્ધાનું કેન્દ્ર એવા ગોરૈયા વિર મહારાજનું મંદિર આવેલું છે..આ મંદિરનું પૌરાણિક મહત્મ્ય ખુબ જ છે લોકવાયકા પ્રમાણે ૨૦૦થી ૨૫૦ વર્ષે પહેલા કંબોઈ ગામનો (રાવલ)બ્રાહમણ પરીવાર કચ્છમાં કોઈ કામ અર્થે ગયો હતો જે પરત ફરતાં બ્રાહ્મણ પરિવાર સાથે ગર્ભીણી મહિલા હોવાથી તેમની રક્ષા કાજે ગોરૈયા વિર સાથે આવ્યા હતા અને બ્રાહ્મણ પરિવારને કહ્યું હતું કે તમે પાછળ જોતા નહી નહીતર હું ત્યાં જ સ્થાન લઈ લઈશ આમ આ બ્રાહ્મણ કંબોઈ નજીક આવતાં અને હાલના ગોરૈયા વિરની પુજા કરતા પુજારીના વડવાઓ પાછળ જોતાં ત્યાં સ્થાન લઈ લીધું હતું ત્યારથી બ્રાહ્મણ પરીવારના વડવાઓ ચાર ઈંટોની ડેરી બનાવી ગોરૈયા વીર મહારાજ ની શ્રદ્ધા અને આસ્થાથી ભક્તિ કરતા હતા ત્યાર પછી તે સમયે રેલવે નજીકથી પસાર થતી હોવાથી અનેક શ્રદ્ધાળુઓનું આ દાદાના મંદિરે આવનજાવન રહેતું તેમજ વણીક પરીવારની મનોકામના પુરી થતાં કચ્છ અમદાવાદ સુરત વાપી સહિત ગુજરાત ભરમાંથી વણીકો પણ દાદાના પારે શીશ ટેકવવા આવવા લાગ્યા

બીજી એક એવી લોકવાયકા છે કે જે કોઈ ગર્ભિણી મહિલા અહીંથી પસાર થાય તો તેને ગોરૈયા વિરદાદાને સવા પાંચશેરની સુખડી નો નૈવેદ કરવો પડે અને ગોરૈયા વિરદાદાના મંદિર નજીક અભર (ગર્ભિણી) ધોડી પસાર થાય તો તે ઠાણ (વિયાર) થયા બાદ સુખડીનો નૈવેદ કરવાની પરંપરા છે અને કંબોઈ આજૂબાજૂના ૨૭ ગામો જેવાકે કંબોઈ રામગઢ ઘરમોડા ચંદ્રુમાણા .ગામના ૧૮ વર્ણના લોકો પોતાનું પ્રથમ સંતાન પુત્રી કે પુત્ર હોય તો તેનો ગોરૈયો કરવાની પરંપરા આજેય એક બંધ જળવાઈ રહી હોવાનું સામાજિક કાર્યકર એવમૂ મહિલા મમતા દેસાઇએ જણાવ્યું હતું હાલમાં ગોરૈયા વિરદાદાની પુજા અર્ચના હિતેશકુમાર રાવલ કરે છે. બહારથી આવતા યાત્રીકો માટે ધર્મશાળાનું નિર્માણ કરાયું હોવાનું અને વૈશાખ સુદી ૧૫ ના દિવસે ગોરૈયા વિર મહારાજનો પાટોત્સવની ઉજવણી કરી નવી ધજારોહણ. કરવામાં આવતું હોવાનું પુજારી હિતેશભાઈ રાવલે જણાવ્યું હતું

# અર્ચના વિદ્યા નિકેતન શાળાના વિદ્યાર્થીઓ એ મેળવ્યા A1 ગ્રેડ




વરાછા કમલ પાર્ક સ્થિત અર્ચના વિદ્યાનિકેતન શાળાના વિદ્યાર્થી ઓ એ યોગ્ય માર્ગદર્શન અને આયોજન પૂર્વકની મહેનતને કારણે એ વન ગ્રેડ મેળવેલ છે વાલીશ્રી નો સહકાર શિક્ષકો નું યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની ખંત પૂર્વકની મહેનત આજે ખરેખર વિદ્યાર્થીઓનો રીઝલ્ટ શ્રેષ્ઠ મેળવવા માટે જવાબદાર સાબિત થઈ છે.. આ તકે શાળાના ટ્રસ્ટી શ્રી ડો. ધીરુભાઈ પરડવા આચાર્ય શ્રી ડો. રજિતા બેન તુમ્મા તેમજ શાળાના નિયામક શ્રી ડો. ચંદુભાઈ ભાલીયા એ વિદ્યાર્થીઓને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. રીઝલ્ટ પરથી એ તો ચોક્કસ કહી શકાય કે અભ્યાસ માટે સુવિધા નહી પરંતુ યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીની મહેનત જ રીઝલ્ટ લઈ આવી શકે છે.

# ગબ્બર ખાતે ચઢવા અને ઉતરવા એમ બંને માટે ઉતરવાના પગથિયાનો જ ઉપયોગ કરવાનો રહેશે



યાત્રાધામ અંબાજી અને ગબ્બર ખાતે મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શન કરી ધન્યતા અનુભવે છે. ગબ્બર ટોચ ખાતે પણ યાત્રાળુઓ પગથિયા મારફતે મોટી સંખ્યામાં દર્શનાર્થે જાય છે. ગબ્બર ખાતે વિવિધ વિકાસલક્ષી કામો કાર્યરત છે. હાલમાં ગબ્બર ચઢવા અને ઉતરવાના પગથિયાનું નવિનીકરણની કામગીરી પ્રગતિ હેઠળ છે. યાત્રાળુઓની સલામતિ અને સુરક્ષાને ધ્યાને લઈ પગથિયાની કામગીરી ચાલુ હોઈ ગબ્બર ચઢવાના પગથિયા મારફત યાત્રાળુઓનો પ્રવેશ બંધ કરવામાં આવે છે. યાત્રાળુઓની સગવડતા ખાતર અને દર્શન વ્યવસ્થા ચાલુ રહે તે માટે ગબ્બર ઉતરવાના પગથિયા મારફતે યાત્રાળુઓએ પગથિયા ચઢવાના રહેશે. ગબ્બર ખાતે ચઢવા અને ઉતરવા એમ બંને માટે ઉતરવાના પગથિયાનો જ ઉપયોગ કરવાનો રહેશે. સર્વે યાત્રાળુઓએ મંદિર ટ્રસ્ટ ધ્વારા આ વ્યવસ્થામાં સહકાર આપવા શ્રી કૌશિક એસ.મોદી, વહીવટદાર અને અધિક કલેકટરશ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીની અખબારી યાદીમાં જણાવ્યું છે.




ડૉ.બી.ટી.પટેલ,ટોરન્ટ ફાર્મા,ગાયત્રી પરિવાર નારણપુરા,જાયન્ટ્સ ગૃપ અમદાવાદ મેઈન,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલના સહયોગથી નિ:શુલ્ક મ્સ્ઙ(બોન મિનરલ ડેન્સિટી) શરીરમાં રહેલા હાડકાંમાં કેલ્શિયમના પ્રમાણનો ટેસ્ટ તા.૨૭-૫-૨૦૨૪ સોમવાર સવારે ૯-૦૦થી ૧-૦૦ ડૉ.બી.ટી.પટેલ કિલનિક,ચક્રવર્તી કોમ્પ્લેક્ષ,ગાયત્રી હોસ્પિટલ,કિરણ પાર્ક સામે,નવાવાડજ,અમદાવાદ ખાતે નવાવાડજ,નારણપુરા વિસ્તારના રહીશોના લાભાર્થે આયોજન કરેલ છે.સંપર્કઃ પંકજ જોષી મો.નં.૯૪૨૬૩૬૦૩૪૬

# જાહેર આમંત્રણ

**પુસ્તક પરબ આપણા આંગણે**

**ગાંધીનગરમાં છેલ્લાં ૧૧ વર્ષથી દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ પ્રવૃત્તિ ચાલે છે. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પરબ યોજવામાં આવે છે.વિવિધ વિષયના, લેખકોના અનેક પુસ્તકોનું વિનામૂલ્યે આદાન - પ્રદાન પરબમાં થાય છે.**

**આપણી વિનંતીને માન આપીને, આ પુસ્તક પરબ ★રવિવાર તા. ૧૨-૫-૨૦૨૪ના રોજ સવારે ૧૦થી ૧૧ કલાક★ દરમ્યાન ઊર્જા નગર બંગલોઝ, વિભાગ - ૨, પાણીની ટાંકીવાળા ગાર્ડનમાં યોજાશે. આપ પસંદગી કરી બે પુસ્તક / સામયિક લઈ જઈ શકશો.આપની પાસેનાં પુસ્તક પરબને ભેટમાં આપી શકશો. આપ સહુ આ પરબની જરૂર મુલાકાત લો એવી વિનંતી.**

**આ મેસેજ આપ બીજા લોકોને પણ મોકલી સહકાર આપશો જેથી વધુ વ્યક્તિઓ આનો લાભ લઈ શકે અને આજના મોબાઈલ યુગમાં આપણે વિસરાઈ ગયેલી આપણી**
**વાંચનની વિરાસતને પુનર્જીવીત કરી**
**પુસ્તકને પરમ મિત્ર**
**બનાવી શકીએ.**
**આ પુસ્તક પરબનો લાભ લેવા આપ સહુને હાર્દિક આમંત્રણ છે.**




# મા ના ચરણોમાં જ સ્વર્ગ સમાયેલું છે.

ગુજરાતી ભાષામાં એક બહું પ્રખ્યાત કહેવત છે કે "મા તે મા બાકીનાં વગડાનાં વા" માની મમતાનું કોઈ મૂલ્ય હોઈ શકે નહીં. આપણને જન્મ આપી દુનિયા દેખાડનારી મા જ છે. માતાની કલ્પના વગર આ સંસારની કોઈ કિંમત નથી. કહેવાય છે કે " ગોળ વિના મોળો કંસાર અને માતા વિના સૂનો સંસાર" અર્થાત જેમ ગોળ વગરનો કંસાર ફિક્કો લાગે છે અને ગળે ઉતરતો નથી, એવી રીતે માતા વિનાનો આ સંસાર અસાર છે અને સંસારની કોઈ કિંમત હોતી નથી. માતાથી દુર રહેનાર એના પુત્રો માતાને યાદ કરીને ગાય છે કે "ઓ મા તારા દર્શન કરવા મન આકુળવ્યાકુળ થાવે છે, તારી યાદ ઘડી ઘડી આવે છે". મોટા મોટા ઋષિ મુનિઓ, સાધુ સંતો, ધર્મગુરુઓ અરે ખુદ ભગવાને પણ પૃથ્વી ઉપર અવતરણ કરવા માટે માની કૂખનો સહારો લીધો છે. માંનુ ઋણ તો આપણાં ઉપર એટલું બધું છે કે એ પુરૂં કરતાં સો જન્મ પણ ઓછાં પડી શકે એમ છે અને એથીજ કહેવાયું છે કે" અર્પી દઉં સો જન્મ એટલું મા તુંજ લ્હેણુ ".મતલબ કે માતા, હું તારા ઉપર મારા સો જન્મ કુરબાન કરીશ ત્હોય તારું ઋણ ઉતારી શકીશ નહીં.


માતાની મમતા સામે દુનિયાનાં સારા સુખો, હીરામોતી, ધનવૈભવ વિગેરે ટાંચા પડે છે, કારણકે માતાનો પ્યાર અને લાડ દુલાર અમૂલ્ય છે.માતાના નીર હંમેશા મમતાનાં નીર વહાવ્યાં કરે છે. માતા વિષે લખવા બેસીએ તો કિતાબોના પાનાંઓ પણ ઓછાં પડે એમ છે, કેમકે એનાં પ્યારની ગાથાઓ અનંત છે એનો કોઈ અંત જ નથી.માતા હંમેશા એના સંતાનોનું સુખ અને હીત ઈચ્છતી હોય છે. કહેવાય છે કે "પુત્ર કુપુત્ર થાય, પરંતુ માતા કદી કુમાતા બનતી નથી". કવિ બોટાદકરે લખ્યું છે કે " મીઠાં મધુરને મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે, જનનીની જોડ સખી નહીં જડે રે લોલ".

માતા પોતાના બાળકને નવમાસ સુધી પોતાના ઉદરમાં રાખે છે એથી એનો પોતાના બાળક પ્રત્યેનો લગાવ આપોઆપ વધી જાય છે. આ નવ માસ દરમિયાન માતા જાતજાતની યાતનાઓ વેઠે છે અને બાળકના જન્મ પછી પણ તે બાળકની સેવા સુશ્રુષામાં લાગી જાય છે. માતા બાળક માટે રાતોની રાતો જાગે છે અને દિવસો સુધી ભૂખી રહે છે, પોતે ભીનામાં સૂઈને સંતાનને કોરામાં સૂવડાવે છે. પોતાનું બાળક રડે તો માતાનો જીવ બળે છે. માતા શિક્ષિત કે નિરક્ષર હોય પરંતુ એની માયા,મમતા, લાડ પ્યાર અને દુલાર એકસરખાં જ હોય છે. માતાને ક્ષમાની મૂર્તિ કહેવામાં આવે છે.માતા પોતાનાં બાળકોમાં સંસ્કાર, સંસ્કૃતિ અને ચારિત્ર્યનું ઘડતર કરે છે માટે જ માતા માટે કહેવાય છે કે " એક સુમાતા સો શિક્ષકોની ગરજ સારે છે". મા જ્ઞાનનો ભંડાર છે, અગાઉ જણાવ્યું એ મુજબ માતા માટે તો જેટલું લખીએ એટલું ઓછું છે અને કિતાબોનાં પાનાંઓ પણ ઓછાં પડે એમ છે, છતાં હું છેલ્લે કહીશ કે " જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ મહાન છે" અને એથીજ મા ના ચરણોમાં જ સ્વર્ગનું સુખ સમાયેલું છે. કરણ અર્જુન ફિલ્મની એક કડી રજૂ કરીને મારી કલમને વિરામ આપીશ.

" મમતા કે મંદિર કી હૈ તું સબ સે પ્યારી મૂરત, ભગવાન નજર આતે હૈ, જબ દેખે તેરી સૂરત.

યોગેશભાઈ આર જોશી

# એસ.એસ.સી.બોર્ડમાં જ્વલંત સકરતી બોટાદની બંસી નાંગર



મૂળ સાયલા થોરિયાળીના અને હાલ બોટાદની શ્રી એમ.ડી.શાહ વિદ્યાલયની વિદ્યાર્થિની કુ.બંસી રત્નાકર નાંગરએ હાલમાં જાહેર થયેલ એસ.એસ.સી.બોર્ડ પરીક્ષામાં ૯૬ %, ૯૯.૭૨ ૅ.ઈ.અને ૬૧ ગ્રેડ હાંસલ કરી સ્કૂલ ફર્સ્ટ આવી માતા પિતાનું, શાળાનું અને માલધારી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

# ભિલોડા તાલુકાના મોધરી ગામની મોધરી પ્રાથમિક શાળામાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



ભિલોડા તાલુકાના મોધરી ગામની મોધરી પ્રાથમિક શાળામાં સ્વ. હિંમતલાલ પંડ્યા (વાંકાનેરના રહેવાસી) ના પુણ્ય સ્મરણાર્થે એમના સુપુત્ર જયેશભાઈ પંડ્યા પરિવાર દ્વારા મોધરી પ્રાથમિક શાળામાં ભણતા નાના ભૂલકાઓ આનંદ, ઉત્સાહભેર કિલ્લોલ સાથે રમત-ગમત દ્વારા તેમના શરીર સૌસ્ઠવનો વિકાસ કરતા આવનારા દિવસોમાં રમત-ગમત ક્ષેત્રે કાઠું કાઢે એવા શુભાશયથી રમત-ગમતના સાધનો અર્પણ કર્યા હતા.લોકાર્પણ કાર્યક્રમ હિંમતલાલ પંડ્યાના સ્નેહી મિત્ર ભગતના હૂલામણા નામે ઓળખાતા મોધરીના સાયબાભાઈ કે. પટેલના વરદ્ હસ્તે સંપન્ન થયો હતો.મોધરી પ્રાથમિક શાળાના આચાર્ય ઉર્વશીબેન પંચાલે સ્વાગત પ્રવચનમાં સૌ મહાનુભાવોને આવકાર્યા હતા.આ પ્રસંગે ગામ આગેવાનો, એસ.એમ.સી.ના હોદ્દેદારો, મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ સુંદર પ્રકલ્પને આવકાર્યો હતો.કાર્યક્રમનું સંચાલન પ્રો. ડો. સ્વપ્નિલ પટેલ, આભાર વિધિ એસ.કે.પટેલે કરી હતી.

# ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રા તથા બ્રહ્મ ચોર્યાસી



વિષ્ણુ ભગવાન ના છઠ્ઠા અવતાર અને આપણાં આરાધ્ય ભગવાન શ્રી પરશુરામ ના જન્મોત્સવ નિમિતે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી એકલિંગજી હાઈટ્સ, ડી માર્ટ ચાર રસ્તા થી શરૂ થઈ શ્રી શંકરતિર્થ આશ્રમ ખાતે સંપન્ન થઈ હતી.એકલિંગજી હાઈટ્સ ના દિલીપસિંહ સીસોદીયા એ ભગવાન પરશુરામ જી પ્રતિમા ને ફુલહાર કરી સર્વે ભૂદેવો ને નમસ્કાર કરી આશીર્વાદ મેળવીયા હતા

પ. પૂ. સંત શ્રી આનંદનાથજી મહારાજ ના શ્રીમુખે ભગવાન પરશુરામ ની યશોગાથા ના શ્રવણ અને ત્યારબાદ બ્રહ્મચોર્યાસી માં પ્રસાદ ગ્રહણ નો લાભ લઈ ભૂદેવો ના આશીર્વાદ મેળવ્યા હતા.યથા શક્તિ દાન..ભેટ..પણ ભૂદેવો ને આપ્યા હતા..સંત શ્રી આનંદનાથજી મહારાજ નો હૃદય પૂર્વક આભાર.. જયજય પરશુરામ..આ કાર્યક્રમ ને સફળ બનાવવા સાણંદ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ સનતભાઈ પંડિત..મંત્રી દિલીપભાઈ રાવલ. મેનેજિંગ ટ્રસ્ટી કમલેશભાઈ વ્યાસ..વિજયભાઈ પંડિત..પી.વી.રાવલ.. હિતેશભાઈ શુક્લ.દીપકભાઈ ભટ્ટ હરીઓમભાઈ જાની.. આકાશભાઈ દવે. અજયભાઈ જોશી સહિત વિશાળ સંખ્યા માં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.